**વડોદરાના ચોથા એડીશનલ સીવિલ જજ અને એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ.વડોદરા.**

**ફોજદારી કેસનંબર– ૨૧૨૯૫/૨૩**
**આંક–**

**ફરિયાદીઃ– શ્રી સરકાર**

**વિરૂદ્ધ**

**આરોપીઃ–**

**ગુન્હોઃ– એમ.વી.એકટ ૧૮૫ તેમજ પ્રોહી એકટ ની ક. ૬૬(૧)(બી) મુજબ..**

**ચુ કા દો**

૧. ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ **એમ.વી.એકટ ૧૮૫ તેમજ પ્રોહી એકટ ની ક. ૬૬(૧)(બી)** મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓ કોર્ટ રૂબરૂ હાજર થતા ,તેઓને ફરીયાદ અને દસ્તાવેજની નકલ આપી, આ ગુનો સ્વૈચ્છાએ કબુલાત કરવા માંગે છે,તેમ જણાવી તે અંગે કબુલાત પુરસીસ રજુ કરતાં,આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમા સ્વૈચ્છાપૂર્વક કબુલાત કરી,કેસનો નિકાલ કરવા માંગતા હોય તેમજ ભવિષ્યમાં આવો ગુનો ન થાય તેની કાળજી રાખવાનું જણાવે છે. ફરિયાદપક્ષે રજુ ફરિયાદ,આરોપીની કબુલાત ,આરોપીની આર્થિક – સામાજીક સ્થિતિ તેમજ કેસના વિશિષ્ટ સંજોગો વિગેરે હકીકતો ધ્યાને લેતા,ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–હુ ક મ –**

આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૪૧ અન્વયે એમ.વી.એકટ ૧૮૫ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૧૦૦૦/– તેમજ પ્રોહી એકટ ની ક. ૬૬(૧)(બી) ના ગુન્હામા રૂા. ૧૦૦/– મળી એમ કુલ રૂા. ૧૧૦૦/– (અંકે રૂપિયા એક હજાર એકસો) પુરાનો દંડની સજા ફરમાવુ છું, અને જો આરોપી દંડની રકમ ન ભરે તો આોરોપીને દિન– ૦૨ ની સાદી કૈદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ વાહન અંગે વચગાળાનો કોઈ હુકમ થયેલ હોય તો તેને શરતો વિના કાયમી રાખવાનો હુકમ કરવામાં આવે છે અન્યથા મુદામાલ અંગે અલગથી ઈન્કવાયરી કરવી અને બાકીના મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજરોજ લોક અદાલતમાં સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તાઃ ૦૯/૦૯ /૨૦૨૩
વડોદરા

(સૌમ્યા રાય)
ચોથા એડી. જ્યુડી.મેજી.ફ.ક.વડોદરા.
જી.જે.૧૬૩૦